વિદેશી ફાળો મેળવવા માટેની પુર્વ મંજુરી (એફસી–૧એ)
ની તેમજ વિદેશી ફાળો મેળવવા માટે ભારત સરકારપાસે
રજીસ્ટ્રેશન(એફસી–૮)કરાવવા ની અરજીઓ
એફ.સી.(આર)એકટ૧૯૭૬હેઠળ ચકાસણીકરી
ભલામણનું પ્રમાણપત્ર રાજયસરકારની પુર્વ મંજુરી મેળવ્યા
બાદ ભારત સરકારને મોકલવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
પરિપત્ર ક્રમાંક:એફસીઆરસેલ/૩/૨૦૦૭
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- 4 MAR 2008

**પરિપત્ર:–**

આ વિભાગનાપરિપત્રક્રમાંક:વિ.૧/પરચ/૨૦૦૩/ રા.ક.મંત્રીશ્રી. ૧ તા.૯–૪–૦૩ પત્ર ક્રમાંક: વિ.૧/પરચ/ ૨૦૦૩/૫૭૭૩ તા.૩–૩–૨૦૦૫ અને પરિપત્ર ક્રમાંક:એફસીઆર–મોનિ.સેલ/૩/૨૦૦૭ તા.૧૯–૯–૨૦૦૭ તરફ ધ્યાન દોરતાં જણાવવાનું કે,ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એકટ–૧૯૭૬ અને ફોરેન કોન્ટ્રીબ્યુશન(રેગ્યુલેશન) રૂલ્સ ૧૯૭૬ હેઠળ રાજ્યની કેટલીક સંસ્થાઓ વિદેશી ફાળો મેળવવા ભારત સરકારની પુર્વ મંજુરી માટે ફોર્મ નં. એફસી.૧એ અને નોંધણી કરાવવા માટે ફોર્મ નં.એફસી.૮ માં અરજી કરે છે. અનુભવે માલુમ પડેલ છે કે કેટલીક સંસ્થાઓની અરજીઓ સબંધિત જીલ્લા કલેકટરશ્રીની ભલામણ સાથે કે ભલામણ વગર સીધે સીધી ભારત સરકારને રવાના થતી હોય તેમ જણાય છે અને આવી સીધી મળેલ અરજી ઉપર ભારત સરકાર ધ્વારા આવી સંસ્થાની પ્રવૃતિઓ તેમજ સંસ્થા ના મૂખ્ય સંચાલક અને કારોબારી સભ્યોના પૂર્વ ઈતિહાસ અને શંકાસ્પદ કે ગુનાહિત પ્રવૃતિ અંગે ખાત્રી કરી અહેવાલ મોકલવા રાજ્ય સરકારને જણાવવામાં આવે છે, જે ઈચ્છનિય નથી.

આથી તમામ જીલ્લા કલેકટરશ્રીઓ અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જણાવવાનું કે, તેમના કાર્યક્ષેત્ર હેઠળની કોઈ પણ સંસ્થાની ભારત સરકારને વિદેશી ફાળો મેળવવા માટેની પુર્વ મંજુરીની અરજી (એફસી–૧ એ) કે નોંધણી માટેની અરજી (એફસી–૮) ભલામણ સાથે કે ભલામણ વિના સીધે સીધી ભારત સરકારને રવાના ન થાય તેની કાળજી લેવા વિનંતી છે તેમજ જે તે સંસ્થા પાસેથી આવી અરજીઓ ત્રણ નકલમાં મેળવીને આ વિભાગના તા.૯–૪–૨૦૦૩ અને તા.૧૯–૯–૨૦૦૭ના પરિપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ અરજીમાં દર્શાવેલ વિગતોની જરુરી ચકાસણી /ખાત્રી કર્યાબાદ તેમજ તા.૧૯–૯–૨૦૦૭ ના પરિપત્ર સાથે મોકલેલ ચેક લીસ્ટ મુજબ જરુરી ચકાસણી કર્યાબાદ જો તે ભલામણ કરવા યોગ્ય જણાતી હોય તો ભલામણના પ્રમાણપત્ર ઉપર સહિ–સિકકા કરી તે અરજી બે પ્રતમાં જરુરી દસ્તાવેજો /આધાર/પ્રમાણપત્રો સાથે રાજ્ય સરકારની પૂર્વ મંજુરી અર્થે ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે. કોઈ

પણ સંજોગોમાં આવી અરજીઓ ભલામણ સાથે કે ભલામણ વિના રાજ્ય સરકારની પૂર્વ મંજુરી વિના સીધે સીધી ભારત સરકારને રવાના થઈ ન જાય તે જોવા વિનંતી છે.

વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વ મંજુરી કે નોંધણી માટેની અરજીઓ જરુરી ખાત્રી અને ચકાસણી કરવામાં ઘણો વિલંબ થતો હોવાની ફરીયાદ ભારત સરકાર ધ્વારા થતી હોય છે જે ઈચ્છનીય નથી. આથી તમામ જીલ્લા કલેકટરશ્રીઓને જણાવવાનું કે પૂર્વ મંજુરી (એફસી–૧ એ) કે નોંધણી (એફસી–૮) માટેની અરજી જે તે સંસ્થા તરફથી મળેથી તેની જરુરી ચકાસણી અને ખાત્રી કર્યાબાદ તે અંગેનો અહેવાલ અને ભલામણ સાથે અરજી બે પ્રતમાં અરજી મળ્યાની તારીખથી બે માસની અંદર રાજયના ગૃહ વિભાગને મળી જાય તે રીતે જરુરી આયોજન કરવા અને બિન જરુરી વિલંબ નિવારવા વિનંતી છે. કોઈ પણ સંજોગોમાં અરજી બે માસ કરતાં વધુ સમય માટે પડતર ન રહે તેની અંગત કાળજી લેવા વિનંતી છે.

સંસ્થાની પુર્વ મંજુરી કે નોંધણી માટે મળેલ અરજીની ચકાસણી આ વિભાગના તા.૯–૪–૨૦૦૩ અને તા.૧૯–૯–૨૦૦૭ ના પરિપત્રમાં આવેલ સૂચના મુજબ ચકાસણી કરી ચેક લીસ્ટ અને ભલામણ સાથે બે પ્રતમાં અરજી ગૃહ વિભાગને રાજય સરકારની પુર્વ મંજુરી અર્થે મોકલતી વખતે નિચે મુજબના દસ્તાવેજો/આધાર/પ્રમાણપત્ર અચૂક સામેલ રાખવામાં આવે તેની કાળજી લેવા વિનંતી છે.

(૧) અરજી જરુરી બિડાણો સહિતની બે પ્રતમાં મોકલવી

(૨) અરજી સાથે કરેલ ચકાસણીનું ચેકલીસ્ટ સહી –સિકકા કરીને મોકલવું

(૩) અરજી ભલામણ કરવાપાત્ર થતી હોય તો અરજીના ભલામણના પ્રમાણપત્રમાં સહી–સિકકા કરીને અરજી મોકલવી.

(૪) સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના ઓડિટેડ સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટસની પ્રમાણિત નકલ .

(૫) સંસ્થાની પ્રવૃતિઓઅંગેના છેલ્લા પાંચ વર્ષના વાર્ષિક અહેવાલની પ્રમાણિત નકલ.

(૬) સંસ્થાની નિયત કરેલ પ્રવૃતિઓથી તેમના કાર્યક્ષેત્રના લાભાર્થીઓને મળેલ લાભો અને આર્થિક સામાજીક મળતા લાભોની વિગતોની ખાત્રી કર્યાનો અહેવાલ અંગ્રેજીમાં .

(૭) સંસ્થાની નોંધણી થયાનું પ્રમાણપત્ર તેમજ મૂળ નોંધણીના પ્રમાણપત્રની નકલ.

(૮) સંસ્થાના બંધારણ ટ્રસ્ટ ડીડ કે મેમોરન્ડમ અને આર્ટિકલ ઓફ એસોસીએશન જે લાગુ પડતુ હોય તેની પ્રમાણિત નકલ.

(૯) આવક વેરા વિભાગ ધ્વારા સંસ્થાને સેકશન ૮૦–જી અને ૧૨ એ હેઠળ મળેલ માફી પ્રમાણપત્ર કે નોંધણી પ્રમાણપત્રની નકલ.

(૧૦) અગાઉ સંસ્થાને પુર્વ મંજુરી મળેલ હોય તો તેના હુકમની નકલ.

(૧૧) સંસ્થાની કારોબારી સમિતિ ધ્વારા એફસીઆરએ હેઠળ સંસ્થાની ભારત સરકાર પાસે નોંધણી કરાવવા કરેલ ઠરાવની નકલ.

(૧૨) સંસ્થાએ કરેલ એફસી–૧ એ કે એફસી–૮ ની અરજીમાં સંસ્થાની કારોબારી ધ્વારા સહી કરવા જેને અધિકૃત કરેલ હોય તેના ઠરાવની નકલ.

(૧૩) સંસ્થા ધ્વારા અગાઉ ભારત સરકારની પુર્વ મંજુરીથી કે પુર્વ મંજુરી વિના મેળવેલ વિદેશી ફાળા/દાન ની વિગતો અને તે અંગે કરેલ ખાત્રી નો અહેવાલ અંગ્રેજીમાં .

(૧૪) સંસ્થાની અરજીમાં દર્શાવેલ સંસ્થાના મુખ્ય કાર્યકર્તા તેમજ કારોબારી સભ્યોની વિગતો તેમજ તેમના પુર્વ ઈતિહાસ અને શંકાસ્પદ કે ગુનાહિત પ્રવૃતિઓ અંગે સ્ટેટ આઈ.બી. ધ્વારા કરેલ તપાસ નો અહેવાલ અંગ્રેજીમાં.

(૧૫) સંસ્થાના બંધારણ, ટ્રસ્ટડીડ કે મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં દર્શાવેલ ટ્રસ્ટીઓ અને અરજીમાં જણાવેલ ટ્રસ્ટીઓજુદા પડતા હોય તો તેમની નિમણુકના ઠરાવની તથા તેની નોંધણી કરાવ્યાના આધાર.

(૧૬) અરજી કરનાર સંસ્થાની કોઈ શાખા કે મુખ્ય સંસ્થાએ ભારત સરકાર પાસે નોંધણી કરાવી હોય તો તેના હુકમની નકલ તેમજ નોંધણી નંબર અને ભારત સરકારના ગૃહ મંત્રાલય ના હુકમનો નંબર/તારીખની વિગત દર્શાવવી .

(૧૭) સંસ્થાએ અગાઉ પુર્વ મંજુરી કે નોંધણી માટે ભારત સરકારને અરજી કરેલ હોય તો તેની વિગત અને ભારત સરકાર ધ્વારા તે અંગે લિધેલ નિર્ણયની વિગત અને નકલ આપવી.

(૧૮) વિદેશી ફાળો જમા કરવા જે બેંકમાં અલગ ખાતુ ખોલાવેલ હોય તે બેંકના પ્રમાણપત્રની નકલ અથવા બેંકની પાસબુક ની પ્રમાણિત નકલ.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્ત પણે પાલન થાય તે જોવા સર્વે જીલ્લા કલેકટરશ્રીઓને વિનંતી છે.

(એમ.એમ.પરીખ)
નિયામક
એફસીઆર સેલ
ગૃહ વિભાગ.

પ્રતિ,
સર્વે જીલ્લા કલેકટશ્રીઓ અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
જાણ અર્થે રવાનાઃ–

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન ગાંધીનગર.
(૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે), ગુ.રા.,ગાંધીનગર.
(૩) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
(૪) સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
(૫) શાખા સિલેકટ ફાઈલ.